જાન્યુઆરી ૨૦૧૨ વર્ષ ૫, અંક ૧

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY


# 2012 સાલ મુબારક!



થોડી કંટાળાજનક અને ભેજવાળી આબોહવાના દિવસો બાદ, નિરભ્ર આકાશ સાથે ૧લી જાન્યુઆરી ૨૦૧૨ની સવાર પડી. છેલ્લા બે દિવસના વરસાદે હવામાં તાજગી લાવી દીધી હતી. પોતાના અત્યંત પ્રિય માસ્ટરની એક ઝલક પામવા ઉત્સુક અભ્યાસીઓથી આશ્રમ ખીચોખીચ ભરાઈ ગયો હતો. અભ્યાસીઓએ પ્રતિબધ્ધતા પર અને સાધના પર નવેસરથી ધ્યાન કેંન્દ્રિત કરવાનો નિર્ધાર કર્યો હતો. જ્યારે સત્સંગ શરૂ થયો ત્યારે વાતાવરણ ઉઘાડવાળું હતું, પણ જેવું માસ્ટરે ‘‘લેટ્સ ઑલ’’ કહ્યું, તેવો જ વરસાદ વરસવો ચાલુ થઈ ગયો. પહેલાં ઝરમરથી શરૂઆત થઈ અને પછી તે ધોધમાર વરસવા લાગ્યો. માસ્ટરને અમારા બધાની સાથે, ધ્યાન ખંડમાં રહેવું પડ્યું અને સમય પસાર કરવો પડ્યો. ભાઈ ચક્રપાણિએ તમિલમાં વક્તવ્ય આપ્યું અને કહ્યું કે જેમ એક માતા પોતાના બાળકને તેના પ્રથમ ડગલા માંડવામાં મદદ કરે છે અને તેને જોઈને ખુશ થાય છે, તેમ માસ્ટર પણ આપણને આધ્યાત્મિક વિકાસ કરવામાં મદદ કરે છે અને ખુશ થાય છે. તેમણે આગળ જણાવ્યું કે એક વાર આપણે વિકાસ પામીએ ત્યારે માસ્ટર પ્રત્યે તે દર્શાવવાની આપણી ફરજ બને છે કે આપણે પોતાની સંભાળ લેવા માટે સક્ષમ છીએ, અને તેને માટે આપણે માસ્ટરને તસ્દી આપીશું નહીં અને તેમને માટે કોઈ ચિંતાનું કારણ બનીશું નહીં, તે અર્થમાં કે આપણે આધ્યાત્મિક પથ ઉપર જવાબદાર અને પુખ્ત બન્યા છીએ. બહેન નિહારિકાએ સૌના હૃદયમાં માસ્ટરને માટે પ્રેમ ભરી દેતા કાવ્યોનું પઠન કર્યું. વરસાદ પડવો ચાલુ જ રહ્યો પણ માસ્ટર તેમની કુટીરમાં પાછા ગયા.

આખા દિવસ દરમ્યાન, ઘણા અભ્યાસીઓને અલગ અલગ કેટલાક જૂથોમાં મળવાની માસ્ટરે વધારાની તસ્દી લીધી. રાત્રીના ભોજનનો સમય થતા સુધીમાં તેઓ સંપૂર્ણપણે થાકી ગયા હતા, જે તેમના ચહેરા ઉપર સ્પષ્ટ જોઈ શકાતું હતું. તેમ છતાં, રાત્રીના ભોજન બાદ તેઓ થોડા બાળકોને મળ્યા અને દિવસના અંતે જ્યારે તેમને માટે આરામ કરવાનો સમય હતો, ત્યારે તેમણે હજી પોતાના કાર્યાલયમાં જવાનો નિર્ણય લીધો, અને તેમના ઈ-મેઈલ્સ ઉપર લગભગ ત્રીસ મિનીટ કામ કર્યું. તેમનું જીવન એક આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે, જે જોવાલાયક અને અનુસરવાલાયક છે. આપણે પોતાની જાતને સવાલ પૂછવો જોઈએ કે શું આપણે તેમના ‘‘પદ ચિહ્નો’’ પર ચાલીએ છીએ?

## પ્રેમસહ, લિ. બાબુજી



૨૨ ડિસેમ્બર ૨૦૧૧ ના રોજ ચારીજીને મોકલેલા સંદેશમાં, બાબુજી ચારીજીને તેમની જીવનશૈલી બદલવા માટે વિનવણી કરે છે. આ સંદેશને ધ્યાનમાં લેતાં, ગુરુજીએ તેમનો ઉત્તર પ્રદેશનો પ્રવાસ રદ કર્યો છે અને જેઓ તેમને મળવા માંગે છે, તે સર્વને તેઓ મણપાક્કમમાં મળશે. બાબુજીના સંદેશનો થોડો અંશ નીચે મુજબ છે.

‘‘આ આટલાં બધાં વર્ષો દરમ્યાન તમે તમારી જાતને એટલી બધી આપી છે કે તમારી જીવનશૈલીને બદલવાનો સમય હવે થઈ ગયો છે. આ જીવનશૈલી હવે ખૂબ જ થાકેલાં ભૌતિક શરીરના અસ્તિત્વ માટે અનુકૂળ નથી. તમારું શરીર હવે શક્ય હોય તેટલી માવજત માગે છે. તમારા જેવા દિવ્યપુરુષના શરીરને શક્ય હોય તેટલો આરામ, શાંતિ અને સર્વ પ્રકારની માવજતની જરૂર છે.

....તમે તમારી જાતને વધુમાં વધુ આપી છે; આનાથી વધારે તમને શું જોઈએ? આ સમયે પ્રવાસ કરવાની કોઈ જરૂર નથી. તમારા સ્વાસ્થ્યને આ રીતે લથડતું અમે જોઈ શકતા નથી. આ આજનું સૂચન છે; તે અમારા પ્રેમની સૌથી ઊંચી અભિવ્યક્તિ છે, કારણ કે તમારા માટે જે સારું હોય, તે અમારા માટે સૌથી વધારે અગત્યની વાત છે.’’

(Please refer to the original version in the English newsletter.)



## પૂ.માસ્ટરના પ્રવાસનો હેવાલ

### મુંબઈ

૨૨મી ઑક્ટોબરની સાંજે, દુબઈથી માસ્ટરનું આગમન થયું અને તેઓ સીધા આશ્રમ તરફ હંકારી ગયા. ઉત્સવનો ઉત્સાહ વર્તાતો હતો અને જેવા માસ્ટર આશ્રમના પ્રવેશદ્વારમાંથી પસાર થયા, તેવું જ ગીતોની શૃંખલાએ માસ્ટરનું સ્વાગત કર્યું. પારંપરિક સ્વાગત બાદ, તેમણે ભોંયતળીયા



ઉપરની નવનિર્મિત પુસ્તકોની દુકાનનું તથા પુસ્તકાલયનું અને બીજા માળ ઉપરની નવી કુટીરનું ઉદઘાટન કર્યું. માસ્ટરે સ્થળ ઉપર લટાર મારી અને તેમનો સંતોષ વ્યક્ત કર્યો. તેઓ માત્ર એક જ રાત્રી માટે રોકાણ કરવા અને રવિવારના સવારના સત્સંગ માટે આવ્યા હોવા છતાં, મધ્યરાત્રીએ તેમણે એક વધારાના દિવસ માટેના રોકાણ કરવાનો અને આશ્રમમાં ત્રણ સત્સંગના સંચાલન કરવાનો નિર્ણય કર્યો.

૨૩મી ઑક્ટોબરે, રવિવારના રોજ, સવારના ૯ વાગે તેમણે સત્સંગનું સંચાલન કર્યું. ત્યાર બાદ, તેમણે તેમના ઉત્તરાધિકારી ભાઈ કમલેશ પટેલની ઓળખાણ કરાવી.

ઓળખાણ કરાવતા, તેમણે બાબુજીની ઉક્તિનો ઉલ્લેખ કર્યો, ‘‘મારા પછી કોઈ હશે.’’ અને ભારપૂર્વક કહ્યું કે વિદ્યાર્થીઓને તેમના શિક્ષક માટે કોઈ વિકલ્પ નથી હોતો પણ તેમણે તેમના શિક્ષક પાસેથી અધિકતમ શીખવા માટે મળેલી તકનો ઉપયોગ કરવો જોઈએ.

ભાઈ કમલેશ પટેલે સંમેલનને સંબોધ્યું અને પૂછ્યું, ‘‘શું આપણે અભ્યાસી તરીકે બેઠક દરમ્યાન માસ્ટર જે અવસ્થા આપે છે, તેનો અનુભવ કરવા સજ્જ છીએ? તે અનુભવ્યા બાદ, શું આપણે તેને પ્રાપ્ત કરીએ છીએ અને તેને પ્રાપ્ત કર્યા બાદ, શું તેને જાળવી રાખીએ છીએ અને તે હાલત અથવા અવસ્થાને આપણી સાથે લઈ જઈએ છીએ?’’

ભાઈ કમલેશ પટેલના પ્રવચન બાદ, મુંબઈના અભ્યાસીઓ દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંજના ૫ વાગ્યાના સત્સંગ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રખાયો હતો. અનૌપચારિક રીતે વાત કરતા માસ્ટરે અભ્યાસીઓને ‘‘માયા’’ની જાળમાં ન ફસાવાની સલાહ આપી. જ્યારે એક અભ્યાસીએ પૂછ્યું કે આ જાળમાંથી બહાર કેવી રીતે નીકળવું, ત્યારે તેમણે કહ્યું કે આવી પરિસ્થિતિમાંથી બચવા માત્ર પ્રાર્થના જ મદદ કરી શકે.

૨૪મી ઑક્ટોબરના રોજ, માસ્ટરે, સવારના ૭:૩૦ના સત્સંગ બાદ, અભ્યાસીઓને તેમની શિસ્ત અને આધ્યાત્મિક હાલત માટે બિરદાવ્યા. પછી, તેઓ મુંબઈ જવા રવાના થયા અને એક અભ્યાસી ભાઈને નિવાસસ્થાને રહ્યા અને સાંજે સત્સંગનું સંચાલન કર્યું. ૨૫મી ઑક્ટોબરની સવારે માસ્ટર અમદાવાદ જવા રવાના થયા.

## અમદાવાદ

દિવાળી અને ગુજરાતના નવા વર્ષના પ્રસંગે, માસ્ટરની ભારતના પશ્ચિમ ક્ષેત્રની મુલાકાત, ખાસ કરીને ગુજરાતના અભ્યાસીઓ માટે એક વિશેષ ભેટ હતી. સાંજના તેમનું આગમન થયું અને આશરે ૫૦૦ અભ્યાસીઓએ તેમનું ઝોનલ આશ્રમ ખાતે સ્વાગત કર્યું. થોડા વિશ્રામ બાદ, સાંજના આશરે ૩૦૦૦ અભ્યાસીઓ માટે તેમણે સત્સંગનું સંચાલન કર્યું અને ટૂંકુ પ્રવચન કર્યું, જેમાં તેમણે જણાવ્યું કે તેમની મુલાકાતનો હેતુ, મુખ્યત્વે ભવિષ્યના પ્રતિનિધિ ભાઈ કમલેશ પટેલની ઓળખાણ કરાવવાનો હતો.

પછીનો દિવસ દિવાળીનો હતો અને ભાઈ કમલેશ પટેલે સત્સંગનું સંચાલન કર્યું. સત્સંગ પછી, ભાઈ ગુરપ્રીતે સુંદર ભજનો ગાયા જેનાથી સૌને આનંદમગ્ન અવસ્થાનો અનુભવ થયો. સાંજે, સમગ્ર આશ્રમ હજારો દીવાઓના પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. સત્સંગ બાદ, વડોદરા અને અમદાવાદ કેંન્દ્રની અભ્યાસી બહેનોના પારંપરિક ગરબાનો કાર્યક્રમ રખાયો હતો. સર્વત્ર દિવ્ય પ્રેમના મોજાનો ઉછાળો પ્રવર્તતો હતો, જે દરેકના દ્વારા અનુભવાયો હતો.

૨૭મી ઑક્ટોબરના રોજ ગુજરાતનું નૂતન વર્ષ હતું અને રાજ્યની પરંપરાને અનુસરતા, ત્રણ નાના બાળકો માસ્ટરની પાસે તેમને ‘‘સબરસ’’ની વધાઈ આપવા મીઠું લઈને ગયા. ગોલ્ફ કાર્ટમાં, તેમના ધ્યાન ખંડમાં જવાના રસ્તા ઉપર કતારમાં સ્વાગત કરવા ઊભા રહેલા લગભગ ૧૦૦ બાળકોને પૂ.માસ્ટર મળ્યા. પછી, તેમણે સત્સંગનું સંચાલન કર્યું અને અમદાવાદના એક યુગલનું લગ્ન સંપન્ન કર્યું.

## માસ્ટર સાથેની અનૌપચારિક વાતચીતમાંથી વીણેલા કેટલાંક મોતી

- જ્યારે કોઈએ પોતાની જાતની માસ્ટરને ઓળખાણ આપી, ત્યારે તેમણે કહ્યું કે આપણને નજીકના અને વહાલાઓને ઓળખાણ આપવાની જરૂર નથી.
- પરિણામો વિષે સવાલ કરાતા, માસ્ટરે જવાબ આપ્યો કે અભ્યાસીઓની સંખ્યામાં વધારામાં પરિણામની અપેક્ષા રાખવી તે ખોટું છે, આપણે હૃદયપૂર્વક કામ કરવું જોઈએ.
- કોઈકે પૂછ્યું કે શું જીવનમાં આરામદાયક સાધનોનો ઉપયોગ કરવો ઉચિત છે? તેમણે કહ્યું કે જો કોઈ આરામદાયક વાતાવરણ વગર રહી ના શકતું હોય, તો તે ખોટું છે, પણ જો આપણે એવું માનીએ કે





# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર










આધ્યાત્મિકતામાં આરામદાયક સાધનો ઉપલબ્ધ હોવા છતાં, આપણે તેનો ઉપયોગ ન જ કરવો જોઈએ, તો તે પણ જડ અને ખોટો અભિગમ છે. તેમણે ખુલાસો કર્યો કે આપણે અનાસક્ત રહેવું જોઈએ અને એ રીતે દરેક સંજોગોમાં ખુશ હોવું જોઈએ.

સાંજના સત્સંગ પછી, અમદાવાદ કેંન્દ્ર દ્વારા બે સુંદર કાર્યક્રમો રજૂ થયા: એક સંત નરસિંહ મહેતાના જીવન ઉપરનું નાટક હતું અને ત્યાર બાદ મશાલ નૃત્ય હતું. માસ્ટરે આ કાર્યક્રમોને તેમની કુટીરમાંથી સીસીટીવી દ્વારા નિહાળ્યા અને તેમને બિરદાવ્યા. તેઓ ઘણા ખુશ હતા અને કાર્યક્રમના યુવા કલાકારો સાથે થોડો સમય વિતાવ્યા બાદ, તેઓ દૈનિક કાર્યોમાંથી નિવૃત્ત થયા.

૨૮મીની સવારે આશરે ૬:૩૦ વાગે ૧૦૦૦ કરતા વધારે અભ્યાસીઓ સાથે આણંદ (અમદાવાદથી ૭૫ કિલોમીટર) જવા રવાના થયા. તેમણે આણંદમાં સત્સંગનું સંચાલન કર્યું અને એક અભ્યાસી ભાઈના નિવાસસ્થાને દિવસ વિતાવ્યો. ગુજરાતના બધા જ પ્રશિક્ષકો માટે અને રાજસ્થાન, મધ્ય પ્રદેશ તથા મહારાષ્ટ્રના ચુનંદા અધિકારીઓ માટે જી.એસ.ટી. કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યું.

આણંદ ખાતે સત્સંગના સંચાલન બાદ પૂ.માસ્ટર વડોદરા આશ્રમ જવા રવાના થયા. ચાર રાજ્યોમાંથી આવેલા આશરે ૨૫૦૦ અભ્યાસીઓ તેમની સાથે શનિ–રવિ ગાળવા એકત્રિત થયા હતા. પૂ.માસ્ટરે ૨૯મીના રોજ સાંજનો અને ૩૦મીના રોજ, સવાર તથા સાંજના સત્સંગનું સંચાલન કર્યું. વડોદરા કેંન્દ્રની અભ્યાસી બહેનોએ તથા બાળકોએ બે નૃત્ય કાર્યક્રમો રજૂ કર્યા. ૧લી નવેમ્બરે, પૂ.માસ્ટરે કુટીરની અંદર સવારે ૭:૩૦ કલાકે સત્સંગનું સંચાલન કર્યું.

ત્યાર બાદ તેઓ અમદાવાદ પાછા ફર્યા અને ૨જી નવેમ્બરે સાંજે ૩:૨૦ કલાકે ચેન્નાઈ જવા રવાના થયા.



## ચેન્નાઈ

માસ્ટર લાંબા પ્રવાસ બાદ ચેન્નાઈ પાછા આવ્યા. ટ્રાફિક ખૂબ જ હોવાને કારણે તેઓ આશ્રમ ઘણા મોડા પહોંચ્યા. તેઓ થાકેલા જણાતા હતા. છતાં બીજા દિવસે સવારે તેઓ વહેલા ઊઠી ગયા હતા અને ૬ વાગે તૈયાર થઈ ગયા હતા. તેમણે કહ્યું, “હું સવારે ૫ વાગે જાગી ગયો હતો અને હું થાકી ગયો હોવાથી મને લાગતું હતું કે હું સાત વાગ્યા સુધી સૂતો રહીશ. પણ પછી મને લાગ્યું કે તે થાક નથી, પણ માત્ર આળસ છે અને આથી, મેં તેને ખંખેરી નાખી અને ઊઠી ગયો.” આ આપણા બધા માટે બોધપાઠ છે કે આ ઉંમરે પણ અને ખાસ કરીને આટલી લાંબી મુસાફરી બાદ પણ તેઓ હજી પણ પોતાની જાતને સ્ફૂર્તિવંત બનાવવા, તેમની સંકલ્પ શક્તિનો ઉપયોગ કરી શકે છે અને પોતાના પગ ઉપર ઊભા થઈ શકે છે.

આશ્રમના પુસ્તકાલય માટે, પોતાના નિવાસસ્થાન માટે, ઓમેગા શાળા માટે અને સત્ખોલ આશ્રમ માટે પૂ.માસ્ટર, પ્રવાસ દરમ્યાન પ્રાપ્ત કરેલા વિવિધ પુસ્તકોને અલગ તારવી રહ્યા હતા. સ્વયંસેવકો પુસ્તકોના નામ વાંચીને મદદ કરી રહ્યા હતા અને તેમને જરૂરિયાત અને સુસંગતતા પ્રમાણે પુસ્તકોની ચીવટપૂર્વક તારવણી કરતા જોઈ શકાતા હતા.

૫મી નવેમ્બરની આસપાસ ચેન્નાઈમાં મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો અને લાયન્સ–ગેટ તરફથી કુટીર તરફ પાણી આવવાનું શરૂ થતાં, પૂર આવવાનો ભય પ્રવર્તતો હતો.

અભ્યાસી સ્વયંસેવકોએ દરવાજામાંથી પાણી દાખલ થતું અટકાવવા, ત્યાં રેતીથી ભરેલા થેલાઓ મૂક્યા અને પૂર્વકાળજી રૂપે માસ્ટરે



સ્વયંસેવકોને સૌથી નીચેના સ્તરે આવેલી પુસ્તકોની છાજલીઓને ખાલી કરવા અને તેને પૂઠાના ખોખાઓમાં બાંધી, ઉપલા સ્તરે ખસેડવાની સૂચના આપી.

૭મી નવેમ્બરની સાંજે, માસ્ટરે મોરેસીયસથી આવેલા અભ્યાસીઓ સાથે બેઠક કરી અને તેમને સીટીંગ આપી તથા તેમની સાથે વાતચીત કરવામાં થોડો સમય વિતાવ્યો. તેમણે કહ્યું, “કોઈએ એમ માની લેવું જોઈએ નહીં કે તેણે પ્રાપ્ત કરી લીધું છે. દરેક વસ્તુનો અંત, તે પછીની વસ્તુની શરૂઆત તરફ દોરી જતો હોય છે અને આ પ્રક્રિયાનો ખરેખર તો કોઈ અંત જ નથી.”

૧૧મી નવેમ્બર ખાસ દિવસ હતો કારણકે પૂ.માસ્ટરે સવારે ૯ વાગે સત્સંગનું સંચાલન કર્યું અને ત્યાર બાદ તેર લગ્નો સંપન્ન કર્યા. ખંડ સંપૂર્ણ ભરાઈ ગયો હતો અને અભ્યાસીઓને તેમના પ્રિય માસ્ટરને નજીકથી જોવાની તક સાંપડી હતી. વાતાવરણમાં ખુશીની લહેર પ્રવર્તતી હોવાનું અનુભવી શકાતું હતું. પૂ.માસ્ટર ખૂબ જ ખુશમિજાજ જણાતા હતા.

પૂ.માસ્ટર શાહજહાંનપુરથી આવેલા ૨૫-૩૦ અભ્યાસીઓને મળ્યા. તેમણે બેઠકની શરૂઆત સીટીંગથી કરી. દરેકને માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. માસ્ટર પારંગત યજમાન છે અને તેમણે તે સુનિશ્ચિત કર્યું કે દરેકને નાસ્તો મળ્યો છે કે નહીં. અભ્યાસીઓએ માસ્ટરને શાહજહાંનપુર આવવા વારંવાર વિનંતી કરી અને માસ્ટરે જવાબ આપ્યો કે, “હું ચોક્કસ આવીશ.” માસ્ટરે ત્યાર બાદ શાહજહાંનપુર સહિત ઉત્તર પ્રદેશના વિવિધ ભાગોના પ્રવાસનું આયોજન કર્યું. પણ તેઓ અઠવાડિયામાં ત્રણ વખત બીમાર પડ્યા. તેના પરિણામે, તેમના બધા પ્રવાસ આયોજનો રદ કરવામાં આવ્યા અને તેઓ મણપાક્કમ ખાતે જ રહ્યા.

એક સવારે, જ્યારે તેઓ તેમની પાસે બેઠેલા અભ્યાસીઓને સીટીંગ આપવાની તૈયારીમાં જ હતા, ત્યારે તેમણે કહ્યું, “લાલચને ટાળવાનો શ્રેષ્ઠ ઉપાય લલચાવનારી જગ્યાએ હાજર ન રહેવાનો છે. ધારો કે તમે જલેબીથી લલચાવ છો અને જો તમે જલેબીની દુકાનમાં હો, તો તમે સાહજિક રીતે લલચાશો, આથી, સૌથી સારો રસ્તો તે છે કે જે જગ્યા લલચાવતી હોય, તે જગ્યાએ હાજર રહેવું નહીં.”

૨૭મી નવેમ્બરના રોજ, મૂશળધાર વરસાદ પડતો હોવા છતાં, માસ્ટર સત્સંગનું સંચાલન કરવા તૈયાર હતા. આશ્રમમાં ફરીથી પૂર જેવી પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા હતી અને માસ્ટર તેનાથી ચિંતિત હતા. તેમણે કહ્યું, “જ્યારે આપણે આશ્રમ બાંધી રહ્યા હતા, ત્યારે જો મારી પાસે વધારે નાણાં હોત, તો મેં આખો આશ્રમ થોડા ફૂટ વધારે ઊંચો કર્યો હોત.” જ્યારે તેઓ આ ખુલાસો કરી રહ્યા હતા, ત્યારે તેમની સાદગી અને પ્રમાણિકતાને અનુભવી શકાતી હતી.

તાજેતરમાં યુ.એસ.એ.થી કાયમને માટે પાછું ફરેલું એક અભ્યાસી યુગલ માસ્ટરને મળ્યું. માસ્ટરે તે બહેનને પૂછ્યું, “તમે પાછા ફરવાના નિર્ણયથી ખુશ છો?” તે બહેને પ્રતિભાવ આપ્યો, “માસ્ટર, હું ખુશ છું.” માસ્ટરે કહ્યું, “ત્યાં તમને પૈસા મળે છે અને અહીં તમને ખુશી મળે છે. પૈસા અને ખુશી ક્યારેય સાથે રહી શકે નહીં.”

માસ્ટર ૨૯મી નવેમ્બરથી ૨જી ડિસેમ્બર સુધી “ગાયત્રી” ખાતે હતા. તેઓ શુક્રવારે સાંજે દરિયાકાંઠે ગયા, પણ થોડી શ્વાસની તકલીફને કારણે તેમણે ઘરે પાછા ફરવું પડ્યું અને આરામ કરવો પડ્યો.

ડિસેમ્બર,૩, ૨૦૧૧: સવારે લગભગ ૯:૧૫ વાગે પૂ.માસ્ટર આશ્રમ આવ્યા. તેમને “મહાભારત કથા”નો ડીવીડી સેટ આપવામાં આવ્યો, જે આ મહાન મહાકાવ્યનો દ્વિતીય ભાગ હતો. તેમાં અસલ મહાભારત શ્રેણીમાં ન મૂકાયા હોય, તેવા ઘણાં પ્રસંગો છે. માસ્ટરે આને નિહાળવામાં અત્યંત રસ દર્શાવ્યો.

ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં, પૂ.માસ્ટર સાથે સમય ગાળવા, ગુજરાતથી લગભગ ૩૦૦ અભ્યાસીઓ આવ્યા. એક સાંજે, સત્સંગ બાદ ઈટાલીથી આવેલા લગભગ વીસ અભ્યાસીઓ ભેગા મળીને આવ્યા અને ખંડમાં પૂ.માસ્ટરની પ્રતિક્ષા કરી. તેઓ ધીરજ પૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા હતા અને વાતાવરણને અદભુત બનતું અનુભવી શકાતું હતું. માસ્ટરનું આયોજન, તેમના કાર્યાલયમાં જઈને કામ કરવાનું હતું, પણ જેવા તેઓ પોતાના શયનખંડમાંથી બહાર આવ્યા, તેવું જ તેમણે પોતાનું આયોજન બદલી નાખ્યું અને ખંડમાં બેઠેલા ઈટાલીયન અભ્યાસીઓ સાથે વાતચીત શરૂ કરી. તેમણે તેમની સાથે થોડો સમય વાતો કરી અને પછી તેમને સીટીંગ આપી, વધારે આનંદની વાત તો એ હતી કે જેટલા અભ્યાસીઓ ખંડમાં હાજર હતા, તે સર્વેને સીટીંગ મળી.


“હૃદય વાણી” માટેની ૧૦મી અને ૧૧મીના રોજ આયોજિત શનિ-રવિની વર્કશોપમાં એક પ્રશ્ન ઊભો થયો હતો, જે માસ્ટરની સમક્ષ મૂકવામાં આવ્યો. “જ્યારે આપણે હૃદયથી બોલતા હોઈએ ત્યારે શું તેનો મતલબ એ છે કે આપણે તેની તૈયારી કરવી જોઈએ નહીં, પણ સ્વયંસ્ફૂરણાથી જ બોલવું જોઈએ?” માસ્ટરે કહ્યું કે કોઈ પણ વક્તવ્ય માટે તૈયારી કરવી અનિવાર્ય છે. વક્તવ્યના એક કે બે દિવસો અગાઉ વિષયને તમારા મનમાં સ્થિર થવા દો, તેને મનમાં ઘુમરાવા દો. તમે શું બોલવા ઈચ્છો છો, તે વિષેના મુદ્દાઓ, જેમ પાશ્ચાત્ય દુનિયામાં કરે છે તેમ, લખીને નોંધશો નહીં. તે ઢાંચાને જડ અને બીનપરિવર્તનશીલ બનાવશે અને આમ સ્વયંસ્ફૂરણાનો નાશ થાય છે. તેના બદલે, વિષયને મનમાં અંદર રહેવા દો અને તૈયારી તમારી અંદર થવા દો. જ્યારે વક્તવ્ય આપવાનો સમય આવે, ત્યારે તમે હૃદયમાંથી બોલી શકશો. તેમણે કહ્યું કે માત્ર હૃદયમાંથી બોલવું તે પૂરતું નથી. દરેકે, પોતાના વક્તવ્યમાં પોતાની જીંદગી નિચોવવાની હોય છે.

૧૫મીના રોજ, માસ્ટર બૅંગ્લોર કેંન્દ્રના અભ્યાસીઓને સત્સંગ કરાવવા ગાયત્રીથી માત્ર એક જ દિવસ માટે આવ્યા.

ડિસેમ્બર,૧૯, ૨૦૧૧: આશ્રમમાં પરિસંવાદ માટે દક્ષિણ આફ્રિકાથી અને ઑસ્ટ્રેલીયા તથા ન્યુઝીલેન્ડથી અભ્યાસીઓ આવ્યા હતા અને માસ્ટર



# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



તેમાંના ઘણાંને સવારે ૮ થી ૧૧:૩૦ સુધી મળ્યા. માસ્ટર થાકી ગયા હોવા છતાં દરેકને મળવા ઈચ્છતા હતા. તેમણે મજાક કરતા કહ્યું, "હું ૩૫૦માંથી આશરે ૩૦૦ જેટલા લોકોને તો મળ્યો જ હોઈશ." સાંજે ફરીથી પચાસ જેટલા અભ્યાસીઓ આવ્યા અને ખંડમાં પ્રતિક્ષા કરી. પૂ.માસ્ટર કાર્યાલય કક્ષમાંથી બહાર આવ્યા અને પ્રતિક્ષા કરતા લોકો તરફ જોયું, ત્યારે તેમણે કહ્યું, "કૃપયા થોડી ધીરજ રાખો, હું થોડી પળોમાં પાછો આવીશ." પછીથી પૂ.માસ્ટર આવ્યા અને સિટીંગનું સંચાલન કર્યું. જે લોકો લગભગ એક કલાકથી ખંડમાં ધીરજપૂર્વક પ્રતિક્ષા કરતા હતા, તેમને માટે આ એક સરસ અનુભવ હતો.

ડિસેમ્બર ૨૪, ૨૦૧૧: પૂ.માસ્ટર આશ્રમમાં આવ્યા અને બહાર તડકામાં બેઠા. તેઓ બાબુજી મહારાજ તરફથી આવેલા સૌથી અંતિમ સંદેશા વિષે વાત કરી રહ્યા હતા. તેમણે ખુલાસો કર્યો કે તેમણે પોતાની આગામી સંપૂર્ણ યાત્રાનું કેવું આયોજન કર્યું હતું અને જ્યારે સંદેશો આવ્યો, તે પહેલાં તેમણે ટીકીટો લેવાનું પણ નક્કી કરી લીધું હતું. પછીથી તેમણે તેમના માસ્ટરની આદેશના પાલન માટે, પોતાની યાત્રાના આયોજનો રદ કરવા પડ્યા.

તે સાંજ નાતાલની હોવાથી, અભ્યાસીઓનું એક જૂથ કુટીરમાં આવીને બેઠું અને પૂ.માસ્ટર માટે નાતાલના પ્રાર્થના ગીતો ગાયા. જ્યારે તેમણે ગાવાનું શરૂ કર્યું, ત્યારે માસ્ટર શયનખંડમાંથી બહાર ખેંચાઈ આવ્યા અને તેઓ ગીતની ધૂનને ગણગણતા ખંડમાં આવ્યા, જેનાથી દરેક જણ ખુશ થઈ ગયા. તેમણે કહ્યું, "છેલ્લે, આ ગીત 'ક્રેસ્ટ'માં સાંભળ્યું હતું." પછી તેઓ ત્યાં બેસી ગયા અને હાજર રહેલા બધાં લોકો સાથે થોડો સમય વિતાવ્યો. તેમણે બધા ગાયકોને મીઠાઈ વહેંચી.

નાતાલના દિવસે, જ્યારે પૂ.માસ્ટર ધ્યાન ખંડ તરફ ગયા, ત્યારે લાલ અને સફેદ વસ્ત્રોમાં સજ્જ બાળકો, રસ્તામાં કતારબંધ ઊભા હતા. જ્યારે માસ્ટર તેમના ગોલ્ફ કાર્ટમાં ધીમેથી પસાર થતા હતા, ત્યારે તેઓ તે બધાને મળીને ખૂબ ખુશ થયા.

ડિસેમ્બર, ૨૬: યાત્રાના નિયંત્રણોને અનુસરતા, જ્યારે પણ તેઓ કામમાં રોકાયેલા ન હોય, ત્યારે સવારે ૯ વાગે સત્સંગનું સંચાલન કરવાનો તેમણે નિર્ણય કર્યો. તેમણે આગળ બોલતા કહ્યું કે તેઓ બહાર આવીને દરેકને મળવાનો, શક્ય હોય તેટલો પ્રયત્ન કરશે અને સૂચવ્યું કે દરેકે તેમને ત્યાં જ મળવાનો પ્રયત્ન કરવો જોઈએ અને કુટીરમાં ભીડ કરવી જોઈએ નહીં.

એક સવારે, સત્સંગ બાદ, માસ્ટર બહાર તડકામાં બેઠા અને લાંબા સમય સુધી વાતો કરતા રહ્યા. તેમણે કહ્યું, "૫૦ વર્ષની વયે સંકલ્પશક્તિ શા માટે નિષ્ફળ જાય છે?" તે કારણે કે જ્યારે આપણા સ્વ-વિકાસના ગાળા દરમ્યાન, આપણે સંકલ્પશક્તિનો ઉપયોગ કરવાનો હોય છે, ત્યારે આપણે તે કરતા નથી, પણ તેને બદલે આપણે સંકલ્પશક્તિનો ઉપયોગ આપણી કામનાઓને પરિપૂર્ણ કરવા માટે કરીએ છીએ, જે આપણી સંકલ્પશક્તિને નબળી પાડે છે. તેમણે બાળકનું ઉદાહરણ આપ્યું અને કહ્યું, "બાળકને રમકડાની દુકાનમાં લઈ જઈને પછી તેને કહેવું કે તારી ઈચ્છાઓને કાબૂમાં રાખ, તે બરોબર નથી." તેમણે એકાદ વર્ષ અગાઉના પોતાના અંગત અનુભવનું દ્રષ્ટાંત આપીને કહ્યું કે તેઓ સવારના વહેલા ઊઠી શકતા ન હતા પણ મોડે સુધી સૂતા રહેતા. પણ તેમણે તેની ઉપર કાબૂ મેળવવાનો નિશ્ચય કર્યો અને હવે તેઓ ૪:૩૦ કલાકથી ૫:૦૦ વાગ્યા સુધીમાં ઊઠી જાય છે. તેમણે કહ્યું, "મારી ઉંમરની વ્યક્તિ માટે, દરેક ચીજ ભાંગી પડે છે, સિવાય કે તે હકીકત છે કે હું મારી સંકલ્પશક્તિને જીવંત રાખી રહ્યો છું. હું નિયમિતપણે એક કે બે સીટીંગ આપું છું, એક બે પ્રશિક્ષકોને સીટીંગ આપું છું અને દરરોજ સવારે એક સત્સંગનું સંચાલન કરું છું અને પછી હું મારા ઈ-મેઈલ્સ પણ જોઉં છું, જે માત્ર થોડા હોતા નથી પણ તે લગભગ નિયમિતપણે ચાળીસ જેટલા હોય છે."

પૂર્વ કિનારે ત્રાટકેલો ચક્રવાત શહેરમાં ભારે વરસાદ અને પવન લાવ્યો. આશ્રમનું પરિસર સંપૂર્ણપણે પાણીથી તરબોળ થઈ ગયું અને પૂર આવવાની શક્યતાની ચિંતા પ્રવર્તતી હતી. ઘણા અભ્યાસીઓ મણપાક્કમ આશ્રમ આવવાના શરૂ થઈ ગયા હતા, આથી મણપાક્કમ આશ્રમની યાત્રા ન કરવા માટે એક પરિપત્ર મોકલવામાં આવ્યો. નસીબજોગે તોફાન પસાર થઈ ગયું અને વસ્તુઓ ઝડપથી ઠરીઠામ થઈ ગઈ.





# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



## મોરેસીયસથી આવેલા અભ્યાસીઓ માટે પરિસંવાદ

### ૭મીથી ૧૪મી નવેમ્બર, ૨૦૧૧

૬ઠ્ઠી નવેમ્બરના રોજ, સત્તાવીસ અભ્યાસીઓ અને આઠ બાળકોના એક જૂથનું મણપાક્કમ આશ્રમ ખાતે આગમન થયું. પોતાની કુટીરમાં ૭મીના રોજ માસ્ટરે તેમનું સ્વાગત કર્યું અને સાંજે ૪:૪૫ વાગે સીટીંગ આપી. તે પછી તેમને ચા અને નાસ્તો આપવામાં આવ્યો.

બધા જ અભ્યાસીઓને પરિસંવાદ દરમ્યાન બે વ્યક્તિગત સીટીંગ મળી. ૮મીથી ૧૩મી દરમ્યાન વ્યક્તિગત ચિંતન અને સમૂહ ચર્ચા માટેના યોગ્ય વિષયો ઉપર પરિસંવાદ રખાયો હતો. તે ઘણો ફળદાયક હતો અને તે સહજ માર્ગની સાધના ઉપર બહેન ડોલી અને તાલિમ ટીમના પ્રેઝન્ટેશનો દ્વારા ઘડાયેલો હતો. તેમાં સમૂહ ચર્ચાઓ હતી અને દરેક અભ્યાસીને વિષયો ઉપરની પોતાની સમજને આદાન પ્રદાન કરવાની તક હતી. વિવિધ જૂથો તરફથી પ્રેઝન્ટેશનો આપવામાં આવ્યા. બપોર બાદ માસ્ટરના પ્રવચનોની વીડીઓ દર્શાવવામાં આવતી હતી.

ભાઈ વી. કન્નને, એ.પી.દુરાઈએ અને ભાઈ કમલેશ પટેલે વકતવ્યો આપ્યા અને અભ્યાસીઓને તેઓની ઉત્ક્રાંતિને માટે પગલા લેવા અને મોરેસીયસમાં સહજ માર્ગના પ્રસારને પ્રોત્સાહિત કરતા, સહજ માર્ગની સમજને સમૃધ્ધ કરી. ભાઈ શરદે મોરેસીયસમાં બંધાનારી કોમ્યુનિટીની ઈમારત ઉપર પ્રેઝન્ટેશન આપ્યું અને મોરેસીયસમાં, તેને માટે લેવાના પ્રારંભિક પગલાઓ ઉપર ચર્ચા કરવામાં આવી અને તે માટે સહમતિ સાધવામાં આવી.

ભાઈ કમલેશ પટેલે તેમના વકતવ્યમાં કહ્યું કે ઘણા અભ્યાસીઓ પૂછે છે કે જ્યારે તેઓ ઘરે પાછા ફરશે, ત્યારે તેઓ આ સારી અવસ્થાને કેવી રીતે જાળવી રાખશે. તેમણે સૂચવ્યું કે અભ્યાસીઓએ આ અવસ્થાને વિકસવા દેવી જોઈએ. માસ્ટરે આપણા હૃદયમાં આધ્યાત્મિક મૂડીનું રોકાણ કરેલું છે અને આપણે તે મૂડીને વધારવી જોઈએ.

અવસ્થા વિકાસ પામવી જોઈએ અને તે આપણા વિચારો, વાણી અને કર્મોમાં પ્રગટ થવી જોઈએ. તેમણે તે પણ કહ્યું કે તે દરેક અભ્યાસીની ફરજ છે કે તે મિશનમાં નવા અભ્યાસીઓને લાવે અને ચીવટ સાથે તેમનું ધ્યાન રાખે.

૧૪મીના રોજ, અભ્યાસીઓ થોડા સમય પૂરતા માસ્ટરને મળ્યા અને માસ્ટરે તે અભ્યાસીઓને 'શુભ યાત્રા' પાઠવી. તેમણે કહ્યું કે તેમની ઉંમરને કારણે તેઓ મોરેસીયસ આવી શકશે નહીં પણ તેમણે વિનંતી કરી કે "મને તમારી સાથે લઈ જાઓ. હું આશા રાખું છું કે હું શું કહેવા માગું છું, તે તમે સમજો છો." આ આપણને માત્ર તે યાદ અપાવે છે કે આપણે બધાએ સદાય તેમની સાથે રહેવું જોઈએ.

## ઓસાનીયા અને દક્ષિણ આફ્રિકાનો પરિસંવાદ

### ૧૬મીથી ૨૨મી ડીસેમ્બર, ૨૦૧૧

"હું સદાય તેમનો બનીને રહ્યો છું, પણ શું તેઓ મારા બન્યા છે?"

આગમનના પૂરા બે દિવસો બાદ પણ જ્યારે પરિસંવાદમાં ભાગ લેનારાઓને માસ્ટરના દર્શન થયા નહીં, ત્યારે તે એક મૂક સંદેશો હતો કે તેમને પોતાની અંદર શોધવાના હતા અને તેમની હાજરી અનુભવવાની હતી. 'તેમને અંદર શોધવા' અને 'શું આપણે તેમને તેઓ સંપૂર્ણપણે મારા છે તે રીતે સ્વીકાર્યા છે?', એ વિષયોનો ખરો અર્થ અભિવ્યકત કર્યો.

૧૮મીની સવારે, પૂ.માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું અને પ્રવૃત્તિઓની શરૂઆત, પ્રોત્સાહિત કરતા વકતાઓના વિવિધ પ્રવચનોથી થઈ. ભાઈ સંતોષ 'હૃદય વાણી' ઉપર બોલ્યા. તેમણે એમ પણ કહ્યું કે પૂ.માસ્ટર એવું ઈચ્છે છે કે આપણે એવા દ્રષ્ટા (વિઝનરી – ભાવિ પરિસ્થિતિ જોવાની શક્તિ ધરાવતા) બનવું જોઈએ કે જેમનું સ્વપ્ન પૂ.માસ્ટર જેવું જ હોય એટલે કે પોતપોતાની દ્રષ્ટિ અલગ અલગ ન હોય પણ 'તેમના' (માસ્ટર) જેવી જ, એકસરખી હોય. પછીના દિવસે, ભાઈ ક્રિષ્ણાએ ભાઈચારા ઉપર વકતવ્ય આપ્યું અને જણાવ્યું કે આપણા માસ્ટરના રણકારનો પડઘો પાડવો, તે કેટલું અગત્યનું છે. ૨૦મીના રોજ, ભાઈ કમલેશ પટેલે સાધનાની નિયમિતતા ઉપર વાત કેંદ્રિત કરી.

૨૧મી ડિસેમ્બરે, માસ્ટરે ઑસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી. તેમણે જણાવ્યું કે રાષ્ટ્રીયતાના અંતરાયોને તોડીને, આપણે એક થઈ જવાની જરૂર છે. દિવાસ્વપ્નો અને વાસ્તવિકતા વિષે જણાવતા તેમણે કહ્યું કે તેમને ઑસ્ટ્રેલીયાના દરિયા કિનારે કારમાં ફરવાની હંમેશાં ઈચ્છા રહી છે, પણ વાસ્તવિકતા તે છે કે તેઓ વૃધ્ધ છે અને મુસાફરી કરી શકે તેમ નથી. આથી, આપણે પોતાના જીવનમાં તે જાણવું જરૂરી છે કે દિવાસ્વપ્ન શું છે અને વાસ્તવિકતા શું છે. માસ્ટરે સહભાગીઓ સાથે રાત્રી ભોજન લીધું અને સહભાગીઓને માટે કાતરી સાથેના બર્ગરની ખાસ વ્યવસ્થા કરી હતી.

'તેમના પદચિહ્નો ઉપર ચાલતા' વિષય ઉપરનો, ઓસાનિયા અને દક્ષીણ આફ્રિકા યુવા પરિસંવાદ, ૧૭મીથી ૨૦મી ડીસેમ્બર દરમ્યાન લગભગ એંસી યુવાનો માટે યોજવામાં આવ્યો હતો. મોટા ભાગના ભાગ લેનારાઓ ઑસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકામાંથી આવ્યા હતા અને થોડા ભારતમાંથી આવ્યા હતા.

ચાર દિવસના પરિસંવાદમાં, પ્રવચનોનો, પ્રવૃત્તિઓનો, અને સત્સંગોનો સમાવેશ થતો હતો. છેલ્લા દિવસે, દરેક જૂથે નાટિકા ભજવી અને ગીતો ગાયા. હૃદયથી હૃદયની વાતચીતે દરેકને, એક બીજા સાથે ખુલવામાં મદદ કરી. "આપણે એક છીએ". તેવી લાગણી ઊભી થઈ. પરિસંવાદમાં હાજર રહેલા યુવાનોને એક બીજા સાથે પોતાના અભિપ્રાયોના, વિચારોના આદાન પ્રદાનની અને વાતચીતની તક મળી. મૂખ્ય કેંન્દ્ર તે બાબત ઉપર રહ્યું કે તેઓ આપણને જેવા બનાવવા ઈચ્છે છે, તેવા બનવું, સાથે રહેવું અને પ્રેમપૂર્વક સાથે કામ કરવું.



## અભ્યાસીઓનું બ્રેઈનસ્ટૉર્મિંગ

### રાંચી, ઝારખંડ

૨૮મી ઑક્ટોબરના રોજ, રાંચી કેંન્દ્રના અભ્યાસીઓ દ્વારા એક પ્રતિક્રિયાત્મક સત્ર યોજવામાં આવ્યું હતું. રાંચી ખાતે અભ્યાસીઓની ગુણવત્તાની અને સંખ્યાની સુધારણા માટેના ઉપાયોની ચર્ચા કરવા અભ્યાસીઓને ત્રણ જૂથોમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. જૂથોએ આ માટે ઘણા મુદ્દાઓને શોધી કાઢ્યા હતા. તે નિર્ણય લેવામાં આવ્યો કે અભ્યાસીઓને વ્યક્તિગત સીટીંગ લેવા, ભંડારામાં નિયમિત રૂપે હાજર રહેવા માટે અને રવિવારના સત્સંગમાં અચૂકપણે હાજર રહેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

આખા દિવસના કાર્યક્રમોનું સંચાલન કરવાનો અને યોગ્ય આયોજન સાથેની ગૃહસભાઓ યોજવાનો અને તેના માટે અગાઉથી વાહન વ્યવસ્થા માટે વિચારી રાખવાનો પણ નિર્ણય લેવાયો હતો. સત્રનું સમાપન, ભાઈ રાકેશ અને બહેન કંચનના “પ્રેમપૂર્વક સેવા” ઉપરના ટૂંકા પ્રવચનોથી કરવામાં આવ્યું હતું.

## હોમ ગેધરીંગ

### દુર્ગાપુર, પશ્ચિમ બંગાળ



૧૩મી નવેમ્બર, ૨૦૧૧ના રોજ, ‘સહજ માર્ગ, સાધના અને પધ્ધતિ’ ઉપરના પ્રતિક્રિયાત્મક સત્ર માટે, ભાઈ ચક્રવર્તીના નિવાસસ્થાને, બહેન અનિતા જૈન અને ભાઈ અરૂણ લોથીઆ, ભાઈ પરિમલ અને દુર્ગાપુરમાં વસતા અન્ય અભ્યાસીઓ જોડાયા હતા. સહજ માર્ગની સાધના અને અભ્યાસીઓની ગુણવત્તા સુધારણા સાથે સંકળાયેલા વિવિધ વિષયો ઉપરની ચર્ચાથી ઘણા બધા પ્રશ્નો પેદા થયા હતા. આનું અસરકારક રીતે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું. છેવટે, તે માસ્ટરની દિવ્ય કૃપાને કારણે અને જિજ્ઞાસુ અભ્યાસીઓના ભાગ લેવાને કારણે, ઘણો જ સંતોષજનક પ્રસંગ હતો.

### નાસિક, મહારાષ્ટ્ર

૮મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ, ભાઈ સુનિલ ચંન્દ્રનના નિવાસસ્થાને રાખવામાં આવેલા સંમેલનમાં લશ્કરી અધિકારીઓ, તેમની પત્નીઓ અને શાળાના શિક્ષકો – એમ કુલ બાર વ્યક્તિઓએ હાજરી આપી. નાસિક કેંન્દ્રના સી.આઈ.સી. બહેન અનસુયા રામચંન્દ્રને સહજ માર્ગનું મહત્ત્વ અને તે સંતુલિત અસ્તિત્વ સાથે માનવ જાતની આધ્યાત્મિક ઉત્ક્રાંતિને પ્રાપ્ત કેવી રીતે મદદ કરે છે, તેનું દ્રષ્ટાંતો અને પ્રસંગકથાઓ સાથે વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું. ભાગ લેનારાઓના આધ્યાત્મિકતામાં ઊંડા રસને કારણે, વ્યક્તિગત અનુભવો અને સંદેહોને લગતા ઘણા પ્રશ્નો ઉદભવ્યા. ઘણા ભાગ લેનારાઓએ સ્થાનિક પ્રશિક્ષકના સંપર્કની માહિતી માટે વિનંતી કરી, જે તેમને ઉપલબ્ધ કરાવવામાં આવી.

## સરળતાસભર વર્કશોપ

### મુંબઈ, મહારાષ્ટ્ર



‘વિષય કરતાં રીતભાત વધારે અગત્યની છે.’

ઑક્ટોબર, ૨૦૧૧ માં, અભ્યાસીઓ માટે તાલિમ કાર્યક્રમોના સંચાલનમાં ‘કામની સરળતા’ને એક અસરકારક પધ્ધતિ તરીકે ઉપયોગ કરતા, ભારતના અને પરદેશના ૬૫ સવલતકારો માટે, એક ઘનિષ્ઠ તાલિમનું સંચાલન કરવામાં આવ્યું. પધ્ધતિ નાના જૂથોમાં કાર્ય કરવાને ઉત્તેજન આપે છે જે આત્મ વિશ્વાસ પેદા કરે છે. પારસ્પરિક માન અને વિશ્વાસનું વાતાવરણ પેદા કરવામાં આવે છે, જે ક્રમશઃ દરેક ભાગ લેનારાઓના આંતરાત્માને ખુલવાને સવલત આપે છે. વાતચીતની ગુણવત્તા સૂક્ષ્મ હોય છે (માઈક ઉપરના પ્રવચનોની સરખામણીમાં), જે આશ્રમના વાતાવરણને અનુરૂપ હોય છે.

આ પધ્ધતિનો ઉપયોગ કરીને, મુંબઈ અને પુણેની સવલતકારોની ટીમોએ “સંદેશાવહન અને ભાઈચારો” વિષય ઉપર બે વર્કશોપ(કાર્યશાળાઓ)નું સંચાલન કર્યું.

એક મુખ્યત્વે અભ્યાસીઓ માટે હતી (૨૦મી નવેમ્બર, ૬૫ સહભાગીઓ) અને બીજી પ્રશિક્ષકો માટે હતી (૪થી ડિસેમ્બર, ૩૬ સહભાગીઓ).

ભાઈઓ વચ્ચે જે પ્રકારનું સંદેશાવહન થતું હોય છે, તેવા પ્રકારના સૂચનોનો ઉપયોગ કરીને, ૮–૧૨ સહભાગીઓના નાના જૂથમાં સૌથી અધિક સંદેશાવહન કરાયું. ઉપયોગમાં લેવામાં આવેલી આત્મનિરીક્ષણ માટેની સામગ્રી, આપણા માસ્ટરના સાહિત્યમાંથી અને ‘વ્હિસ્પર્સ ફ્રોમ બ્રાઈટર વર્ડ’માંથી વિપુલ પ્રમાણમાં લેવામાં આવી હતી.

ઘણા બધા સહભાગીઓનો પ્રતિસાદ ઘણો હકારાત્મક હતો. અપાયેલા શિક્ષણમાં, વિચાર/જ્ઞાનને ઘણું ઓછું પ્રાધાન્ય અપાયું હતું, પણ લાગણીઓ અને ભાઈચારાને (નિયમ ૬) વધારે મહત્ત્વ અપાયું હતું.



# ચિંતનનો સમય



## વાશી, મુંબઈ

મુંબઈના વાશી વિસ્તારમાં અને તેની આસપાસના વિસ્તારમાં રહેતા અભ્યાસીઓનું દર મહિનાના બીજા શનિવારે સ્નેહ–સંમેલન થતું હોય છે. “પ્રાર્થના” વિષય ઉપર, પ્રથમ સ્નેહ–સંમેલનનું સંચાલન ભાઈ રામનૈયાના નિવાસસ્થાને કરવામાં આવ્યું. વિષય ઉપર સમૂહ ચર્ચા કરવામાં આવી અને અગત્યના મુદ્દાઓની નોંધ કરવામાં આવી.

દરેક વ્યક્તિ વાંચીને, ચિંતન કરીને,એક કે બે મીનીટ માટે બોલી. કાર્યક્રમનું સમાપન દસ મિનીટની ઊંડી અને હૃદયપૂર્વક પ્રાર્થના–ધ્યાન સાથે કરવામાં આવ્યું.

અલગ અલગ અભ્યાસીઓના નિવાસસ્થાને, દરેક વખતે વિવિધ વિષયો ઉપર આ સત્રોના આયોજન કરવામાં આવશે. શરૂઆતમાં સહજ માર્ગની સાધનાને આવરી લેવામાં આવશે અને પછી તે સહજ માર્ગના બોધની વધારે સૂક્ષ્મ બાબતો તરફ વળશે.

## ગુલબર્ગા, ઉત્તર કર્ણાટક

૭મી નવેમ્બરના રોજ, ભાઈ મહેશ દેશપાંડેના નિવાસસ્થાને આશરે વીસ જેટલા અભ્યાસીઓ સાથે એક સ્નેહ–સંમેલન યોજવામાં આવ્યું. માસ્ટરના પ્રવચન “હેતુલક્ષી અને વ્યવસ્થિત સાધના” દર્શાવવામાં આવ્યું અને પછી, વૈશ્વિક પ્રાર્થના કરવામા આવી. ત્યાર બાદ, થોડી સામાન્ય ચર્ચા કરવામાં આવી અને ચાના સમય દરમ્યાન અભ્યાસીઓમાં અવિધિસરનું મિલન થયું. શરૂઆતથી અંત સુધી આનંદભર્યું અને ઉષ્માભર્યું વાતાવરણ



પ્રવર્તતું રહ્યું અને બધા અભ્યાસીઓને માસ્ટરની હાજરીનો અનુભવ થયો..

## વડોદરા, ગુજરાત

૧૭મી ડિસેમ્બરના રોજ, સુંદરવન સોસાયટી ખાતે ‘ધીરજ એ ચારિત્ર્ય છે.’ વિષય ઉપર ચિંતન કરવા અને ચર્ચા કરવા માટે અભ્યાસીઓનું એક જૂથ એકત્રિત થયું.

તેઓએ સત્રની શરૂઆત, થોડી મિનીટ માસ્ટરની સાથેના મૂક જોડાણથી અને અગાઉના “વર્તણુંક” ઉપરના સત્રના ઉપસંહારની આલોચના સાથે કરી. જેમ સત્ર આગળ વધ્યું તેમ પહેલાની પરિસ્થિતિથી પેદા થયેલા, પોતાના પ્રત્યાઘાતો ઉપર ચિંતન કર્યું. દરેક વ્યક્તિને લાગ્યું કે તેણે તેનામાં/તેણીમાં “પરિવર્તન” માટે રચનાત્મક પ્રયત્ન કરવો જ જોઈએ. બંન્ને, આતરિક અને બાહ્ય સ્વના સંતુલનની પ્રાપ્તિ માટે પોતાની જાતે પ્રયત્ન કરવા જ જોઈએ, પોતાના હૃદયોને ખોલવા જોઈએ, જેથી કરીને તે બીજાઓ સાથે સહાનુભૂતિ દર્શાવવા પોતાને સક્ષમ બનાવે. આ બાબત તેઓને હકારાત્મક અભિગમ સાથે અને સમર્પણની લાગણી સાથે પરિસ્થિતિને નિપટવા સક્ષમ બનાવશે. ટૂંકમાં, ‘ચારિત્ર્ય’ને વર્નર એરહાર્ડે અભિવ્યક્ત કર્યુ છે, તેમ કેળવવું જ જોઈએ. તેઓ કહે છે, “દરેક સમયે અને દરેક સંજોગોમાં, આપણામાં, પોતાની જીંદગીની ગુણવત્તાને બદલવાની શક્તિ રહેલી છે.” સત્રનું સમાપન, તે નોંધ સાથે થયું કે આપણે પોતાની જીંદગીની દરેક ક્ષણે, વિચારોની અને સૂચનોની સૂક્ષ્મતા માટે લક્ષ રાખવું જોઈએ. આ આત્માની હળવાશ ઉત્પન્ન કરશે અને આપણી અંદર શાતિ સુનિશ્ચિત કરશે.

# ચેન્નાઈ યુવા સંમેલન

## નેત્રંપલ્લી આશ્રમ



૧૫મી અને ૧૬મી ઑક્ટોબરના રોજ, નેત્રંપલ્લી આશ્રમ ખાતે ૧૮થી ૩૦ વર્ષની વયજૂથના અભ્યાસીઓ માટે સ્નેહ સંમેલન યોજાયું હતું. ‘આધ્યાત્મિક મુસાફરી’ વિષયવાળા આ સંમેલનમાં, પંચાવન ઉત્સાહી અભ્યાસીઓએ ભાગ લીધો. સંમેલન, ચેન્નાઈથી નેત્રંપલ્લીના બસની મુસાફરીથી શરૂ થયું, જેમાં પાંચ પ્રશિક્ષકો પણ સાથે હતા, જેમણે સત્રોમાં ભાગ લીધો.

નેત્રંપલ્લી ખાતે કાર્યક્રમની શરૂઆત ગામમાંથી પ્રાતઃફેરીથી કરવામાં આવી. સત્રમાં શરૂઆત “આધ્યાત્મિક ઈમારત: મિશન” ઉપરના પ્રેઝન્ટેશનથી થઈ અને તેના પછી માસ્ટરના મિશનને પરિપૂર્ણ કરવામાં અભ્યાસીની ભૂમિકા ઉપર ચર્ચા કરવામાં આવી. વિવિધ જૂથ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવ્યું, જેમાં જ્ઞાન સાથે ગમ્મત સામેલ હતું. “માસ્ટર સાથે સંબંધ” અને “માસ્ટર માટે પ્રેમ કેવી રીતે વિકસિત કરવો” ઉપરના આ સત્રે, તેઓના વિચારોને કેંદ્રિત કર્યા. એક ગમ્મતની સમૂહ રમતે અને સહજ માર્ગના સાહિત્ય ઉપરની પ્રશ્ન હરિફાઈએ, જૂથના મિજાજને જાળવી રાખ્યો. ભાગ લેતા દરેક ભાગ લેનારાઓએ કાંઈક બાગકામ કરીને, કાર્યક્રમનું સમાપન કર્યું.

ભાગ લેનારાઓને માસ્ટરની છબી ભેટ આપવામાં આવી. તેઓએ આશ્રમના આધ્યાત્મિક વાતાવરણને માણ્યું અને નેત્રંપલ્લી આશ્રમના શાંત વાતાવરણમાં આ કાર્યક્રમ દ્વારા તાજગી અને શક્તિ અનુભવી.

# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર







## માનવીય એકીકરણ ઉપર વર્કશોપ

### ગ્વાલીયર, મધ્ય પ્રદેશ

૧૪મીથી ૧૬મી ઑક્ટોબર દરમ્યાન, ગ્વાલીયર ખાતે, ક્ષેત્રીય સ્તરે પંચાવન તાલિમાર્થીઓ માટે, માનવીય એકીકરણ ઉપર ત્રણ દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી. ૧૪મીએ અભ્યાસીઓ એકત્રિત થવા લાગ્યા અને તેમની નોંધણી કરાઈ. અહીં વ્યક્તિગત સીટીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજના સત્સંગ બાદ, ભાઈ નરેન સીંધે સંમેલનને આવકાર્યું.

પછીના દિવસે, વૈશ્વિક ભાઈચારાને પ્રોત્સાહિત કરવા, હોશંગાબાદથી આવેલા ભાઈ રામ કીશોર, ભાઈ યોગેશ ખંડેલવાલ અને ભાઈ કમલ વધાવાએ 'એક વિશ્વ, એક માનવતા' ઉપરના સત્રનું સંચાલન કર્યું. ભોપાલથી આવેલા ભાઈ આર. કે શ્રીવાસ્તવ અને તેમની ટીમે 'ચારિત્ર્ય નિર્માણ' ઉપરના સત્રનું સંચાલન કર્યુ. આ સત્રો આદાન પ્રદાન વાળા હતા અને સહભાગીઓને તેમની અંદર શોધખોળ કરવા દીધી. સાંજ વ્યક્તિગત સીટીંગ્સ, સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આરક્ષિત રાખવામાં આવી હતા. કાર્યક્રમ રાત્રીની ૯ વાગ્યાની પ્રાર્થના સુધી ચાલ્યો.

૧૬મીની સવારે, સત્સંગ બાદ, ભાઈ શિરીશે "હૃદયવાણી – ૨૦૦૭" પુસ્તકમાંથી થોડા પૃષ્ઠોનું વાંચન કર્યું. ભાઈ વિકલ્પે (ઝેડ.આઈ.સી) અભ્યાસીઓને સંબોધ્યા અને તેઓને પ્રોત્સાહિત કર્યા. તાલિમાર્થીઓએ આશ્રમના બાંધકામની શરૂઆતને પ્રત્યક્ષ નિહાળી. "તેમની સાથેના જોડાણની કડી વિકસાવવી" ઉપરના છેલ્લા સત્રનું સંચાલન ગ્વાલીયરના ભાઈ શિવ કુમાર અને તેમની ટીમે કર્યું. કાર્યક્રમનું સંચાલન ભાઈ શિવ કુમાર, ભાઈ મનુ ચોપરા, બહેન અર્ચના અને બહેન વંદના દ્વારા થયું.

## બાળકોના કાર્યક્રમો

### બરેલી, ઉત્તર પ્રદેશ

૧૪મીથી ૧૬મી નવેમ્બર દરમ્યાન, બરેલી કેંન્દ્રે (૧૦–૧૬ વર્ષ) ત્રણ દિવસનો કાર્યક્રમ યોજ્યો. ડૉ જી. એમ. ભટનાગરે સત્રનું ઉદઘાટન કર્યું અને આપણા પૂરાણા વેદોમાંથી મૂલ્યોને પાછા લાવવા વિષે બોલ્યા. સાંજના ૩–૬ વચ્ચેના કાર્યક્રમની શરૂઆત, દરરોજ મીશનની પ્રાર્થનાથી કરવામાં આવતી. "સ્વ–ચેતના અને સ્વ–સંચાલન", "આપણે બધા એક અને તે જ છીએ", "તંદુરસ્તી અને સંવાદિતા", અને "સત્ય અને હિંમત" વિષયો ઉપર પ્રવચનો કરવામાં આવ્યા. ત્રણ દિવસો દરમ્યાન, ભાઈ સંજીવ, ભાઈ પ્રવિણ, ભાઈ રવિન્દ્ર, બહેન બિમલા, બહેન શશી અને અન્ય સ્વયંસેવકોની મદદથી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચિત્રકળા, રંગકામ, પ્રશ્નોની હરિફાઈ, ગીતો ગાવા, વગેરે આયોજીત કરવામાં આવી હતી. રેલ્વે સંરક્ષણ બળની કાર્યપ્રણાલિ, સ્વાસ્થ અને પ્રતિબંધક પગલા, નાની વસ્તુઓને આપોઆપ વેચતું યંત્ર અને તેની ઉપયોગિતા, વિષયો ઉપરના પ્રવચનો બાળકો માટે ઘણા માહિતીપ્રદ હતા. દેશ માટે પ્રેમ, દેશ ભક્તિ, રાષ્ટ્રગીતની ઉત્પત્તિ, માન, હિંમત, નેતૃત્વ અને નૈતિક મૂલ્યો વિષયો ઉપર, કર્નલ નીતિશે સુસંપાદિત છાપાની કાપલીઓ રજુ કરી જે શ્રોતાગણના દરેકના હૃદયને સ્પર્શી ગયું. સર્વ રીતે, બાળકો પ્રેરિત અને પ્રોત્સાહિત થયા હતા.

## રમત દિન

### પૂણે, મહારાષ્ટ્ર

ભાઈ રામનાથે પહેલ કરી અને શનિ–રવિવારે, ૮મી અને ૯મી ઑક્ટોબરના રોજ, નાંદેદ ફટા આશ્રમ ખાતે, રમતની વિવિધ અદભુત પ્રવૃત્તિઓ સાથેના કાર્યક્રમની વ્યવસ્થા કરી. પ્રથમ દિવસ યુવાનો (૧૮–૩૦)માટે હતો અને બીજો દિવસ બાળકો અને ૩૦ વર્ષથી ઉપરની ઉમરવાળા માટે હતો.

જાહેરાતો, અલગ અલગ રમતો રમતા માસ્ટરની છબીઓ, અવતરણ ચિહ્નો, ફુગ્ગાઓ બધું તૈયાર હતું. શનિવારે ક્રિકેટની રમતથી શરૂઆત ખૂબ જ ઉર્જા અને ઉત્સાહથી થઈ. મેચ ઘણી રસપ્રદ બની ગઈ અને ત્યાર બાદ, લીંબુ ચમચાની હરિફાઈ, પુસ્તક સમતુલન હરિફાઈ, કેરમ અને ચેસની રમતો રમવામાં આવી. સ્વયંસેવકો દ્વારા તૈયાર કરાયેલ નાસ્તા અને ભોજને દરેકને આરામમાં લાવી દીધા.

રવિવારે સત્સંગ બાદ, તે જ રમતો ૩૦ વર્ષથી ઉપરની વયના અભ્યાસીઓ દ્વારા રમાઈ હતી. પ્રવૃત્તિઓએ અભ્યાસીઓની અંદર રમતની ભાવનાનો પ્રાણ પૂરી દીધો. અને સંવાદિતામાં અને ભાઈચારામાં દરેકને એકત્રિત કરી દીધા



### તિરુપુર, તમિલનાડુ

તિરુપુરના ચેટ્ટીપલાયમ યોગાશ્રમ ખાતે ૧૪મી નવેમ્બરે બાળદિનની ઉજવણી થઈ. આસપાસથી વધારે બાળકો ભાગ લઈ શકે, તે હેતુસર આ કાર્યક્રમનું આમંત્રણ પહેલેથી પાઠવવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પાંચ વાગે થઈ, જેમાં બાળકોની વયજૂથ પ્રમાણે તથા તેમની ભાગ લેવાની તૈયારીને ધ્યાનમાં રાખીને તેમને રમતો રમાડવામાં આવી. ભાઈ સુદર્શન દ્વારા એક વિશેષ ક્વીઝ (પ્રશ્નોત્તરી) કાર્યક્રમનું આયોજન થયું હતું. આ ક્વીઝમાં પ્રેમ, સ હિસ્ત અને નૈતિકતાના વિષયો પર પ્રશ્નો ગોઠવવામાં આવ્યા હતા. ઝોન–ઈન–ચાર્જ ભાઈ ટી.વી.વિશ્વનાથન રાવ, આશ્રમ મેનેજર ભાઈ સુબુરથીનમ, ભાઈ મરપ્પન તથા બહેન સરલા દ્વારા બધાં બાળકોને હેટ આપવામાં આવી હતી. સૌને ભોજન પીરસવામાં આવ્યું હતું અને જે બાળકો સાથે વાલીઓ આવ્યા હતા, તેમણે સૌએ મિશનની પ્રવૃત્તિઓની કદર કરી હતી. કેટલાંકે પધ્ધતિ શરૂ કરવાની જિજ્ઞાસા પણ દર્શાવી હતી. આવા આધ્યાત્મિક વાતાવરણમાં આવો કાર્યક્રમ યોજાય, તેની અગત્યતા જાણવાથી ઘણાંએ કહ્યું કે આવાં કાર્યક્રમો ભવિષ્યમાં વારંવાર થવાં જોઈએ.

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# આખા દિવસના કાર્યક્રમો


Kadapa


Mangalore

## કડપા, આંધ્ર પ્રદેશ

૪થી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ આંધ્રપ્રદેશના કડપા કેન્દ્ર ખાતે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૩૧ અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં તાજેતરમાં જ પ્રકાશિત કરવામાં આવેલા 'કોન્સ્ટન્ટ રીમેમ્બ્રન્સ' ની આવૃત્તિમાંથી બે વિષયો લેવામાં આવ્યા હતા– 'ચારિત્ર્ય નિર્માણ' અને ' સાચી સાધના' અભ્યાસીઓને લાગ્યું હતું કે આ કાર્યક્રમ દ્વારા, જે લોકો અંગ્રેજી સમજી શકતા નથી, એમને ઘણો જ ફાયદો થયો હતો કારણ કે ચર્ચાઓ પ્રાદેશિક ભાષા, તેલુગુમાં કરવામાં આવી હતી.

બધા જ અભ્યાસી ભાઈઓ અને બહેનોને જીવનના ધ્યેય સુધી પહોંચવા માટે તક આપતો વિચાર દર્શાવતા અને સહજમાર્ગના મહત્ત્વને દરેક જણ વચ્ચે કહેતા, બાળકોએ ભજવેલા નાટક સાથે દિવસનું સમાપન કરવામાં આવ્યું હતું.

## મેંગલોર, દ.કર્ણાટક

મેંગલોર સેન્ટર ખાતે ૪થી ડિસેમ્બર ૨૦૧૧ના રોજ 'માય માસ્ટર'ના વિષય સાથે આખા દિવસના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓને થોડાં અઠવાડિયાં પહેલાં આગળથી જ એમની જાતે તૈયારી કરવાનું કહેવામાં આવ્યું હતું. સત્સંગ પછી, માસ્ટરનાં ભાષણોની સીડી મુકવામાં આવી હતી. જે અભ્યાસીઓ તૈયારી કરીને આવ્યા હતા તેઓ 'માય માસ્ટર' પુસ્તકને અનુરૂપ વિવિધ વિષયો પર બોલ્યા હતા. મણપક્કમ ખાતે રાખવામાં આવેલા યુરોપિયન સેમિનારની સીડી બપોરે બતાવવામાં આવી હતી ત્યાર પછી 'સત્સંગ' ના મહત્ત્વ પર તાલીમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનું સંચાલન મુંબઈ સેન્ટરના બે યુવા અભ્યાસીઓએ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી અને ત્યાર પછી અભ્યાસીઓને જોડીઓમાં વિભાજિત કરવામાં આવ્યા હતા અને સત્સંગમાં નિયમિતરૂપે હાજર ના રહી શકવાનાં કારણો પર આત્મનિરીક્ષણ કરવાનું કહેવામાં આવ્યું હતું. એ પછી આખા સમુહને આ કહેવામાં આવ્યું હતું. સત્સંગોના મહત્ત્વ વિશેનાં માસ્ટરનાં કથનો પર રજૂઆત કરવામાં આવી હતી અને ત્યાર પછી આત્મનિરીક્ષણ અને ચર્ચાઓ થઈ હતી..

## વિરુધુનગર,તામિલનાડુ

૧૬મી ઓક્ટોબરે સ્થાનિક અને આજુબાજુના સેન્ટરોના લગભગ ૪૦ અભ્યાસી ભાઈઓ અને બહેનો આખા દિવસના કાર્યક્રમ માટે એકત્રિત થયેલા જોવા મળ્યા હતા. એનું આયોજન ચિન્નવલ્લિકુલના વિરુધુનગર આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. સવારના ૭.૩૦ વાગ્યાના સત્સંગ અને નાસ્તો કર્યા પછી અભ્યાસીઓ કાર્યક્રમની શરૂઆત કરવા આતુર હતા. આગલા મહિનાના આખા દિવસના કાર્યક્રમ દરમિયાન રાખવામાં આવેલી એ ચર્ચાનો અનુસંધાન તરીકે વાઈનો', અભ્યાસીઓને જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા અને દરેક જૂથે 'એક સારા અભ્યાસી બની તમારી જાતને બદલો' વિષય પર ચર્ચા કરી હતી. જૂથમાં કરવામાં આવેલી ચર્ચાના અંતે, જૂથના આગેવાનોએ વિશિષ્ટ મુદ્દાઓનો સારાંશ કહ્યો હતો.

આ ચર્ચા દરમિયાન ઘણા મુદ્દાઓ ઉભરી આવ્યા હતા. આ કાર્યક્રમમાં, ઘણા અભ્યાસીઓએ એ હકીકત રજૂ કરી હતી કે એમણે માસ્ટરની હાજરી અને માર્ગદર્શનનો અનુભવ થયો હતો. સાંજના સત્સંગ પછી આખા દિવસના કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## હુબલી, ઉ.કર્ણાટક

૧૩મી નવેમ્બરે, યુવાઓએ એમણે જ મનમાં ઘડેલા, અભ્યાસ કરેલા અને દર્શાવેલા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સત્સંગ અને નાસ્તો કર્યા પછી, અભ્યાસીઓ અને નવા આગંતુકો વચ્ચે બનાવટી વાદવિવાદ રાખવામાં આવ્યો હતો. વાદવિવાદ બે કલાક સુધી ચાલ્યો હતો અને તે રમૂજી, મનોરંજક અને શૈક્ષણિક રહ્યો હતો.

આપણી પધ્ધતિ સાથે સંકળાયેલી ન હોય, એવી સ્લાઈડો બતાવવામાં આવી હતી અને તે સ્લાઈડમાંથી સહજમાર્ગના સિદ્ધાંતને અનુરૂપ સૂત્ર બનાવવાનું દરેક જૂથને કહેવામાં આવ્યું હતું. બપોરના ભોજન પછી યુવાઓ દ્વારા ભજવવામાં આવેલી એક નાટિકાથી એ હકીકત છતી થઈ કે વિવિધ ધર્મોના સ્થાપકોએ બધાએ એક જ વાત કહી છે. આને દ્રશ્યો અને પાર્શ્વસંગીત દ્વારા સંયોજવામાં આવ્યું હતું. દરેક જણે કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

## બેલારી, ઉ. કર્ણાટક

૬ઠ્ઠી નવેમ્બરે, સવારના સત્સંગ પછી અભ્યાસીઓ અને બાળકો સૃષ્ટિ ગાર્ડનમાં જવા નીકળ્યા હતા. બેલારી સેન્ટરના ત્રણ અભ્યાસીઓએ, જેમણે ખડગપુર કેસ્ટ ખાતે (તેલુગુમાં) 'ચારિત્ર્ય નિર્માણ તાલિમ કાર્યક્રમ'માં ભાગ લીધો હતો તેમણે કાર્યક્રમમાં અને તાલિમ કાર્યક્રમમાં ભાગ લેવાના મહત્ત્વ વિશે સમજાવ્યું હતું. ત્યાર પછી, બધા જ અભ્યાસીઓએ ' પિક એન્ડ સ્પીક' પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. બપોરના ભોજન પછી બાળકો દ્વારા સંચાલિત ક્વીઝ –પ્રશ્ન હરિફાઈનો કાર્યક્રમ હતો. ત્યાર પછી બાળકો દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાયક્રમ હતો. સાંજના ૪ વાગે સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.



Virudhunagar


Bellary



## લય યોગાશ્રમ ખાતે ઉદ્‌ઘાટન સમારંભ

### સારનાથ, વારાણસી

૪થી ડિસેમ્બરે ચેન્નાઈ અને વારાણસી વચ્ચે જીવંત વિડિયો લીંક મારફતે, માસ્ટરે વારાણસીના સારનાથમાં લય યોગાશ્રમ ખાતે નવા જ બાંધવામાં આવેલા ધ્યાન ખંડનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ભાઈ ઉમાશંકર બાજપાઈ, જસ્ટીસ આર.આર.કે. ચતુર્વેદી, ભાઈ આશિષ સિંઘ, ભાઈ એ.કે.ગર્ગ તથા ભાઈ વાય.એન.પ્રસાદ હાજર રહ્યા હતા.

૬.૩૦ વાગે બધા જ અભ્યાસીઓ, (લગભગ ૧૦૦૦) મેડિટેશન હોલમાં એકત્ર થયા હતા. પરદા પર માસ્ટર જેવા દેખાયા કે આખો જ હોલ તાળીઓના બુલંદ નાદથી ગુંજી ઉઠ્યો હતો. માસ્ટરને જોઈને બધા અભ્યાસીઓ અતિશય ખુશ થઈ ગયા હતા. માસ્ટરે ભાઈ બાજપાઈને તકતીનું અનાવરણ કરવા સૂચના આપી હતી અને તે પછી તેમણે ધ્યાન ખંડ બાબુજી મહારાજને અર્પણ કર્યો હતો અને અભ્યાસીઓને ધ્યાન માટે ધ્યાન ખંડનો ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી, તેમણે કહ્યું હતું, સહજમાર્ગ પ્રેમનો માર્ગ છે. આ જગ્યાનો ઉપયોગ આપણે આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે કરવો જોઈએ. સહજમાર્ગમાં નફરતને કોઈ સ્થાન નથી. વિડિયો દ્વારા વાર્તાલાપની આ પધ્ધતિ વિશે મંતવ્ય દર્શાવતાં એમણે કહ્યું હતું કે વૈજ્ઞાનિક યુગમાં, આપણે અલગ નથી, આપણે એક છીએ.

વારાણસી સેન્ટરના સીઆઈસી, ડો. પ્રસન્નકુમારે બધાનું સ્વાગત કર્યું હતું અને ગુરુદેવ પ્રત્યે એમના આશીર્વાદો માટે કૃતજ્ઞતા દર્શાવી હતી. ભાઈ બાજપાઈએ પ્રેમના મહત્ત્વ પર વિગતવાર સમજાવ્યું હતું. ભાઈ એન. પી. સિંહાએ લય યોગાશ્રમના ટૂંકા ઈતિહાસની રજૂઆત કરી હતી. બીજા ભાગમાં, બીજા કેન્દ્રમાંથી આવેલા અભ્યાસીઓએ વકતવ્યો આપ્યા હતા અને ત્યાર પછી સાંસ્કૃતિક કાર્યક્રમ અને સાંજનો સત્સંગ થયા હતા.

# જાહેરાતો

### ચેન્નાઈ માટે નવા સીઆઈસી

ચેન્નાઈમાં હવે એક નવો ઝોન (૨ –સી) હશે અને ભાઈ વિજય સિંઘ રાણાવત એ સેન્ટરના ઈન ચાર્જ બનશે.

### એકોઝ ન્યુઝ લેટર માટે અનુવાદકો

જો તમે અંગ્રજીમાંથી કોઈપણ પ્રાદેશિક ભાષાઓમાં કે જે પ્રાદેશિક ભાષાઓમાં ન્યુઝ લેટર પ્રકાશિત કરવામાં આવે છે એમાં અનુવાદ કરવાની સેવા આપવા માગતા હોય તો કૃપયા ઈમેલ કરો. in.newsletter@srcm.org

### સભ્યપદના ઈમેલ આઈડી માટે

કૃપા કરીને નોંધ લો કે જ્યારે અમે ન્યુઝ લેટર્સ મોકલીએ ત્યારે યાહુ અને રેડીફમેલ સર્વર્સ સાથે અમારે સમસ્યાઓ ઉભી થતી હોવાથી જો તમે યાહુ અથવા રેડીફમેલ આઈડી સાથે ન્યુઝ લેટર માટે સભ્યપદ મેળવ્યું હોય, તો કૃપા કરીને સભ્યપદને રદ કરો અને બીજા કોઈપણ ઈમેલ આઈડી સાથે ફરીથી સભ્યપદના માટે અરજી કરો.


અસુવિધા બદલ દિલગીર છીએ.

### મણપાક્કમ આવવા માટે


બાબુજી મેમોરિયલ આશ્રમ, મણપાક્કમ ખાતે ૧૭થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૨ સુધી રશિયા ઉપરાંત ભૂતકાળના સીઆઈએસ દેશોમાંથી આવતા અભ્યાસીઓ માટે એક સેમિનાર રાખવામાં આવશે. એ દૃષ્ટિએ જોતાં, બીજા બધા જ સેન્ટરના અભ્યાસીઓ એ તારીખો દરમિયાન મણપાક્કમની મુલાકાત લેવાની કોઈ યોજના ના બનાવે એ માટે વિનંતી કરવામાં આવે છે.

# નવાં પ્રકાશનો


મણપાક્કમ ખાતે નવા વર્ષે પૂજ્ય માસ્ટરે નવાં પ્રકાશનો જાહેર કર્યાં છે.





ડિસેમ્બર ૨૦૧૦માં મણપાક્કમ ખાતે રાખવામાં આવેલા યુરોપિયન સેમિનારને નવા પ્રકાશનમાં ’ હેવન’ શિર્ષક હેઠળ ડીવીડી માં સેલ્યુલોઈડ પર સુંદર રીતે રેકોર્ડ કરી લેવામાં આવ્યો છે, જે સ્પીરીટ્યુઅલ હેરાર્કીપબ્લીકેશન ટ્રસ્ટ દ્વારા વિશેષ કલાકૃતિના રૂપમાં રજૂ કરવામાં આવી છે.





પ્રિન્સિપલ્સ ઓફ સહજમાર્ગ વો. ૧૨ તમિલમાં



પ્રિન્સિપલ્સ ઓફ સહજમાર્ગ વોલ.૧૪ તેલુગુમાં




હાર્ટ સ્પીક ૨૦૦૨ વો.૨ અંગ્રેજીમાં




ફ્રુટ ઓફ ધ ટ્રી મરાઠીમાં

# પ્રકાશનું કેન્દ્ર

## પૂણે આશ્રમ

"આનંદ – અલબત્ત ,આપણે આનંદમાં જ રહેવું જોઈએ, પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે માસ્ટરના ઘણા સંદેશાઓ કહે છે કે અભ્યાસીએ બધા જ સંજોગોમાં ખુશહાલ રહેવું જ જોઈએ, નહીં કે પ્રસંગો દરમિયાન, જ્યારે તમને ખુશીનો અનુભવ થાય, ત્યારે તે ખુશી માત્ર પ્રસંગો દરમિયાન જ સીમિત હોવી જોઈએ નહીં, એ ટૂંકા સમયગાળા દરમિયાન જ હોવી જોઈએ નહીં કારણ કે તમારી સામે પાનશેટ સરોવર છે અને તમે સૂર્યાસ્ત જુઓ છો. અદ્દભુત! આપણે સાચા અર્થમાં પ્રકૃતિ પ્રેમી છીએ. માટે આંતરિક પ્રકૃતિને પણ પ્રેમ કરવો જ જોઈએ, જે આપણાં હૃદયોમાં છે, જેનું બાહ્ય પ્રકૃતિ એક માત્ર પ્રતિબિંબ છે અથવા જો તે અંદર છે, તો માત્ર એ જ એનું પ્રતિબિંબ હોઈ શકે છે."




પૂનામાં અને આજુબાજુમાં જ્યારે સહજમાર્ગ પરિવારે વિકાસ પામવાનું શરૂ કર્યું હતું, ત્યારે જ આશ્રમની જરૂર જણાઈ હતી. આશ્રમ બાંધવા માટેની દરખાસ્ત માસ્ટર પાસે ૨૦૦૧માં રજૂ કરવામાં આવી હતી અને એમણે એ તરત જ સ્વીકારી લીધી હતી.

જમીનની નોંધણી જાન્યુઆરી ૨૦૦૧માં અમલમાં આવી હતી અને આશ્રમની સુવિધાઓનું બાંધકામ ૨૦૦૪ના શરૂઆતમાં પૂર્ણ થઈ ગયું હતું ( સિવાય કે બાળ કેન્દ્ર, જે જુલાઈ ૨૦૦૪માં પૂરું થયું હતું) આશ્રમ સિંહગઢ રોડ નજીકના શાંત વિસ્તારમાં ૩૯૧૯ ચો.મીટર વિસ્તારના પ્લોટ પર છે.



આશ્રમ જળાશયની નજીક છે. જે એના પર્યાવરણને ઠંડું, શાંત અને નિર્મળ બનાવે છે. આશ્રમ પૂણે રેલ્વે સ્ટેશનથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલો છે અને ત્યાં જવા માટે રસ્તાઓ અને બસ સેવા ઉપલબ્ધ છે.

હકીકત એ છે કે નાંદેડ આશ્રમ પાનશેટ રીટ્રીટ સેન્ટરથી માત્ર ૧૦ કિ.મી. દૂર છે, જે વોલન્ટીયર્સ અને અભ્યાસીઓ માટે એ બેની વચ્ચે આવ જા માટે સરળ અને અનુકૂળ છે.

માસ્ટરે પૂનાની મુલાકાત ૨૦૦૪માં લીધી હતી કે જ્યારે બાંધકામ સમાપ્ત થવામાં હતું. એમણે સેન્ટર ઈન ચાર્જને બાંધકામ પૂરું થાય પછી તરત જ સત્સંગ શરૂ કરવાની સૂચના આપી હતી. પહેલો સત્સંગ ૪થી એપ્રિલ ૨૦૦૪ના દિવસે રાખવામાં આવ્યો હતો.




આશ્રમનો મેડિટેશન હોલ લગભગ ૨૩૨૫ ચો. ફૂટનો છે, જેમાં ૨૫૦ અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે છે. ૨૦૦૯માં બીજા ૨૦૦ અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે એ માટે ત્યાં કામચલાઉ વધારો કરવામાં આવ્યો હતો. બીજી સુવિધાઓમાં રસોડું, બાળ કેન્દ્ર, ટોઈલેટ બ્લોક્સ, પહેલા માળે આશ્રમની સંભાળ રાખનાર માટે રહેવાની વ્યવસ્થા અને કાર પાર્કિંગની જગ્યાનો સમાવેશ થયેલો છે. આશ્રમના મકાનની ચારે બાજુ, લીલી છમ લૉન અને વિવિધ ફળોનાં વૃક્ષો પણ છે.

માસ્ટરે પૂનાની એમની ઘણી મુલાકાતો વખતે આ આશ્રમમાં સત્સંગ કરાવ્યો છે. ભવિષ્યમાં અભ્યાસીઓની સંખ્યામાં વધારો થવાની આવશ્યકતાને પહોંચી વળવા માટે, આશ્રમ મેઈટેનન્સ કમિટિ આશ્રમની સુવિધાઓમાં વધારો કરવા માટે માસ્ટર પાસે એની મંજુરી લેવા મુખ્ય યોજનાની તૈયારી કરવાની પ્રક્રિયામાં છે.







**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.